# નવરાત્રીના અંતિમ ચરણમાં ખૈલેયાઓમાં અનોખો થનગનાટ

**કલ્ચરલ ફોરમમાં રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ ગરબાની રંગત માંણી પ્રભાવિત થયા : માંઇભકિત અને દેશભકિતનો અનોખો સમન્વય**



ગાંધીનગર તા ૬

માં તમે ગરબે રમવા આવો...નવલી નવરાત પર્વની ઉજવણી અંતિમ ચરણમાં છે. શહેરના સેકટરોમાં નવદુર્ગાની ભકિત આરાધનાનો અનોખો માહોલ જોવા મળી રહ્યો છે. કલ્ચરલ ફોરમ આયોજિત નવરાત્રિ મહોત્સવમાં પણ ખૈલેયાઓ જોમ જુસ્સાથી ગરબે ઘુમતા નજરે પડે છે. શનિવારે રાત્રિના રાજયપાલ આચાર્ય દેવવ્રતજી કલ્ચરલ ફોરમમાં ગરબા નિહાળી દંગ રહી ગયા હતા.

નવલી નવરાત પર્વ અંતિમ ચરણમાં છે. શહેરમાં આદ્યશકિતની ઉપાસના સાથે માંઈભકિતનો રંગ નિખર્યો છે. આસોની અજવાળી રાતના પવિત્ર દિવસોમાં ગરબાની રંગત પરાકાષ્ટાએ પહોંચી છે. સોળે શણગાર સજી નવયૌવન ગરબે ઘુમી રહ્યુ છે. સેકટરોની શેરીઓમાં રંગબેરંગી રોશની અને જગમગતા દિવડાઓની જયોત વચ્ચે માતાજીના ગરબાની રમઝટ જામે છે. અંતિમ ચરણમાં પહોંચતા નવરાત પર્વને સૌ કોઈ માંઈભકિતના રંગમાં છે. સુર તાલ અને શબ્દોના સથવારે ગરબાની રંગત જામી છે. નવરાત પર્વના હવે અંતિમ બે દિવસ મન ભરીને ગરબે ઘુમી લેવા ખૈલેયાઓ ઉત્સુક છે. શહેરના સેકટરોમાં આયોજિત શેરી ગરબામાં માતાજીની પુજા અર્ચના અને આરતી બાદ ચપટી તાળી અને ઠેસના પરંપરાગત ગરબાનો રંગ જામે છે. શહેરમાં વિવિધ ત્રણ ઠેકાણે આયોજિત સંસ્થાકીય ગરબા મહોત્સવમાં પણ

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામીણ અને શહેરી પરિવારજનોમાં પાયાની સુવિધાઓમાં ઊંડી ખાઈ

સમગ્ર દેશમાં ઔદ્યોગિકરણ અને શહેરીકરણમાં ગુજરાત અગ્રેસર રાજ્ય છે. અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતમાં શહેરીકરણ ૫૫ ટકાની સરેરાશથી આગળ વધી રહ્યું છે. ઔદ્યોગિકરણના પગલે શહેરીકરણ વિકસે એ સામાજિક વિજ્ઞાનનો સિદ્ધાંત સ્વીકાર્ય છે પરંતુ જો આપણે સામાજિક જીવન અને સામાજિક વિકાસના સંદર્ભમાં શહેરીકરણની સ્વીકૃતી વધતી જતી હોય એ બાબત ચકાસીએ તો અર્થશાસ્ત્રીય બાબતો સિવાય પણ આ સ્થિતિ આવતી હોય છે એમ જણાય છે. આ બાબત આપણે ગાંધીનગર શહેરના સંદર્ભમાં સમજીએ તો વધુ સ્પષ્ટ થશે.

સેન્સસ ૨૦૧૧ના આંકડાઓ વધતા જતા શહેરીકરણની સમજ આપવા માટે મદદરૂપ બનશે. સમગ્ર શહેરી ગુજરાતમાં કુલ પરિવારોની સંખ્યા ૫૪ લાખ ૧૬ હજારથી વધુ છે. આ પૈકીના ૬૮ ટકા પરિવારોને પીવાનું ચોખ્ખું પાણી ઉપલબ્ધ છે. આજ શહેરી પરિવારો એટલે કે ૩૩ લાખ ૭૨ હજારથી વધુ પરિવારો પૈકી ૯૦ ટકા પરિવારોને ઘરના પરિસરમાં-મકાનની અંદરના ભાગે જ પીવાનું પાણી ઉપલબ્ધ થાય છે. પીવાનું પાણી સ્વચ્છ અને ઘરમાં જ ઉપલબ્ધ થાય છે એ શહેરી ગુજરાતની વાત છે જ્યારે આ આંકડા ગ્રામીણ ગુજરાતના સંદર્ભમાં જોઈએ તો ૬૭ લાખ ૬૫ હજારથી વધુ પરિવારો પૈકી પીવાનુ સ્વચ્છ પાણી મળતુ હોય એવા પરિવારોની સંખ્યા માત્ર ૧૧ લાખ ૨૮ હજાર છે, ટકાવારીની દૃષ્ટિએ આ ટકાવારી




### સ્થળાંતરથી ગાંધીનગરમાં વસવાટનું મહત્વનું કારણ કયું ?

૧૬ ટકા જ થાય અને એમાં પણ જો એમ તપાસ કરીએ કે આ પૈકીના કેટલા પરિવારોને ઘરની અંદર જ પીવાનું ચોખ્ખુ પાણી મળે છે ? તો માત્ર ૮ લાખ ૭૨ હજાર પરિવારોને જ આવી સુવિધા છે. કુલ ગ્રામીણ પરિવારોમાં ટકાવારીની દૃષ્ટિએ જોઈએ તો માત્ર ૧૨ ટકા પરિવારોને જ આવી સુવિધા મળે છે. એટલે કે ગ્રામીણ ગુજરાતના દર સો પરિવારે માત્ર બાર પરિવારોને પીવાનું સ્વચ્છ પાણી ઘરમાં ઉપલબ્ધ થાય છે. આ ગ્રામીણ ગુજરીત છે શહેર અને ગામ વચ્ચેનો તફાવત આપણને ઘણા બધા સામાજિક વિકાસ અને આંતરમાળખાકીય સુવિધાઓ ગ્રામીણોને ઉપલબ્ધ કરાવવામાં પાછળ છીએ તેની સમજ પૂરી પાડે છે.

આપણી ચર્ચાનો મુદ્દો શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં પાયાની જરૂરીયાતોની સાથે આખા ગુજરાતમાં જો સ્થળાંતર કોઈપણ કારણોસર કરવું પડતુ હોય તો ગાંધીનગર પર કેમ વધુ પસંદગી થાય છે એનો તાગ પણ આંકડાઓ સ્પષ્ટ કરે છે.

જેમકે ગાંધીનગર શહેરના કુલ એક લાખ ૨૬,૭૪૦ પરિવારો પૈકી ૭૫ ટકા પરિવારોને નળ વાટે પીવાના ચોખ્ખા પાણીની સુવિધા

● અનુસંધાન પાન-૭ પર


**૧૯મી વાર્ષિક પુણ્યતિથિએ**
**ભાવભીની શ્રદ્ધાંજલિ**



**સ્વ. મફતસિંહજી નાથુસિંહજી વાઘેલા**
સ્વર્ગવાસ તા. ૭/૧૦/૨૦૦૦

જીવન એવું જીવી ગયા કે, કદી ભુલાય નહિ, વિદાય એવી અણધારી લીધી કે મૃત્યુ પણ રડી ઉઠ્યું.
આજે ૧૯ વર્ષ બાદ પણ આપની સ્મૃતિ પળે પળ અમારી સાથે છે.
આપનો પ્રેમાળ સ્વભાવ, કાર્યશૈલી, પારિવારિક ભાવના અમને પ્રેરક બની રહેશે.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિરશાંતિ અર્પે એવી પ્રાર્થના સહી...

ગં.સ્વ. હંસાબા મફતસિંહજી વાઘેલા
વાઘેલા ઘનશ્યામસિંહ મફતસિંહજી
વાઘેલા જિતેન્દ્રસિંહ મફતસિંહજી
વાઘેલા વિનાબા ઘનશ્યામસિંહ
વાઘેલા સોમનબા જિતેન્દ્રસિંહ
વાઘેલા અંકિતસિંહ ઘનશ્યામસિંહ
વાઘેલા દિવ્યજિતસિંહ જિતેન્દ્રસિંહ
વાઘેલા સૂરજસિંહ ઘનશ્યામસિંહ
વાઘેલા પૃથ્વીસિંહ જિતેન્દ્રસિંહ


# રાહદારીઓને રાહ ચિંધતા સાઈન બોર્ડસ કંગાળ હાલતમાં

**લાખોના ખર્ચ પર પાણીઢોળ : સેકટરોમાં ઠેર ઠેર કંગાળ અને કટાયેલા બોર્ડસ પણ હજુ દુર કરાયા નથી : જયારે નવા બોર્ડસ પણ તુટેલી હાલતમાં જમીનદોસ્ત**

ગાંધીનગર તા ૬

શહેરના સેકટરોનો ચિતાર દર્શાવતા સાઈન બોર્ડસ પણ વર્ષોથી કંગાળ હાલતમાં છે. જયારે લાખોના ખર્ચે નવા લગાવાયેલા સાઈન બોર્ડસ પણ રાહદારીઓ માટે ઉપયોગી થઈ શકે તેવી સ્થિતિમાં નથી. તંત્રની જાળવણીના અભાવે સેકટરોમાં તેમજ મુખ્યમાર્ગો પરના સાઈન બોર્ડસ મુલાકાતીઓને અંગુલી નિર્દેશ કરવા માટે ઉપયોગી રહ્યા નથી સાઈન બોર્ડસની યોગ્ય જાળવણી માટે સર્વે હાથ ધરી ત્વરિત પગલા લેવાય તેવી પણ માંગ ઉઠવા પામી છે.

શહેરના સેકટરોમાં હાલ વરસાદી સમસ્યાઓનો ઘેરાવો છે. આમ નાગરિકો ત્રસ્ત છે. શહેરમાં માર્ગો આસપાસ મોટામસ ગાબડાઓ જોવા મળી રહ્યા છે. સેકટરોમાં ગંદકીના ઢગ ખડકાયેલા છે. ગત વાઈબ્રન્ટ ટાંણે શહેરમાં માર્ગ સુધારણા અને બ્યુટીફિકેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો હતો આ દરમિયાન શહેરમાં કેટલાક ઠેકાણે જરૂર મુજબ નવા બોર્ડસ પણ લગાવાયા હતા. જયારે અગાઉ પણ સાઈન બોર્ડસ મુકવા પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરાયો હતો.




નગરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પરંતુ સેકટરોની ભીંતરમાં બિહામણા

● અનુસંધાન પાન-૭ પર

# વાહકજન્ય રોગચાળા સંદર્ભે તંત્રને સતર્ક રાખવા સૂચના

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેર સહિત રાજયમાં વધી રહેલા ડેન્ગ્યુના કેસોના સંદર્ભે રાજ્યના આરોગ્ય કમિશનર શિવહરેએ તમામ કમિશનરો અને જિલ્લા વિકાસ અધિકારીઓને એક પત્ર પાઠવ્યો છે.

ઓગષ્ટથી ઓક્ટો. માસ દરમ્યાન વાહકજન્ય રોગચાળો તેના પીક પર હોય છે ત્યારે આ રોગચાળાથી કોઈનું મૃત્યુ ના થાય તે જોવા ખાસ ભલામણ કરી છે. તેમણે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન સોર્સ રિડક્શનની કાર્યવાહીનું અસરકારક મોનીટરીંગ કરવા માટેનો આગ્રહ પણ કર્યો છે.

શિવહરેએ તેમના આ પત્રમાં વધતા જતા કેસો અંગે ચિંતાની લાગણી વ્યક્ત કરી છે તેમણે એન્ટી લારવેલની કામગીરી પણ પૂરી ચોકસાઈ સાથે થાય, વરસાદી પાણીનો નિકાલ ઝડપથી થાય તે બધુ જ જોવા પર ભાર મુક્યો છે.

ખાસ કરીને શૈક્ષણિક સંકુલોની તપાસ પણ આપના તંત્ર દ્વારા થાય તે જોવાનો અનુરોધ કરતાં તેમણે પત્રમાં જણાવ્યુ છે કે બાળ દર્દીઓની સંખ્યા વધી રહી છે જે ચિંતાજનક છે.

સગર્ભા મહિલાઓને રક્ષિત કરવા માટે દવાયુક્ત મચ્છરદાનીનું વિતરણ, ગપ્પી માછલીઓ જાહેર સ્થળો પર ભરાઈ રહેલો પાણીમાં મુકવા સહિતના પગલાંઓ અંગે પણ તેમણે આ પત્રમાં ભાર મુક્યો છે.

ગાંધીનગર શહેરમાં ૧૨૫થી વધુ કેસ ડેન્ગ્યુના નોંધાયા છે તો જિલ્લામાં પણ ૧૦૦થી વધુ કેસ નોંધાયા છે ત્યારે આરોગ્ય કમિશનરે લખેલા આ પત્ર પછી તંત્ર હવે વધુ ગંભીર બન્યુ છે.

# એન.ક્યુ.એ.સી. માટે ટીમ ગાંધીનગર આવી રહી છે

ગાંધીનગર, તા. ૬

નેશનલ ક્વોલીટી એસ્યોરન્સ સર્ટિફિકેટ માટે એક ટીમ ગાંધીનગર મનપાના બે યુ.એચ.સી. સેન્ટરની મુલાકાત ૯ થી ૧૨ ઓક્ટો. દરમ્યાન લેશે.

આ સર્ટિફિકેટ માટે ખાસ તપાસ હાથ ધરવામાં આવતી હોવાથી તંત્રએ આ માટે ખાસ તૈયારીઓ પણ પુરી કરી લીધી છે. ચાર દિવસના રોકાણ દરમ્યાન બે અર્બન હેલ્થ સેન્ટર સે. ૨ અને સે. ૨૯ની મુલાકાત લેશે.

મનપાના સૂત્રોએ જણાવ્યુ છે કે પાલજ અને સે. ૨૪ને આ પ્રમાણપત્ર મળી ચુક્યુ છે. જો આ બે અર્બન હેલ્થ સેન્ટરોને પણ મળશે તો રાજ્યનું પહેલુ મનપા બનશે જેના ચારેય અર્બન હેલ્થ સેન્ટરો એન.ક્યુ.એ.સી. ધરાવતા હશે.

એન.એ.બી.એચ. સર્ટિફિકેટથી પણ આ ચડિયાતુ સર્ટિફિકેટ્સ ગણવામાં આવે છે.

જેમાં સ્વચ્છતા, સેવાઓ, દર્દીઓ દર્દીઓના સાજા થવાનું પ્રમાણ સહિત ઘણી બધી બાબતોની ચકાસણી કરવામાં આવે છે. ગાંધીનગર મનપા દ્વારા આ અંગે એક પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન પણ તૈયાર કરવામાં આવ્યુ છે. આ ટીમની મુલાકાત પછી તે પોતાનો રિપોર્ટ ભારત સરકારના આરોગ્ય મંત્રાલયને સોંપશે અને પછી તેના આધારે આ પ્રમાણપત્ર જારી કરવામાં આવશે.


www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com